**શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે વ્યસન મુક્તિ અંગે નો કાર્યકમ......**

શેઠ ડી.મ.પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ, વડોદરા ખાતે તા.૨૬/03/૨૦૧૯ ના રોજ ડીસ્ટ્રીકટ ટોબેકો કન્ટ્રોલ સેલ આરોગ્ય વિભાગ,જિલ્લા પંચાયત, વડોદરા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાગાયત પોલિટેકનિકના વિધાર્થીઓ, પોલિટેકનિક અને કઠોળસંશોધન કેન્દ્રનો સર્વે કર્મચારીશ્રીઓ અને મોડેલ ફાર્મ વડોદરા ના તમામ શ્રમયોગીઓએ સાથે ૮૦ વ્યક્તિઓ એ ભાગલીધેલ હતો. આ પ્રસંગે બાગાયત પોલિટેકનિક, વડોદરાના આચાર્યશ્રી ડૉ. બી.એચ.પંચાલે આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત, વડોદરા થી આવેલ પ્રોગ્રામ અધિકારી શ્રી નરેંદ્રભાઈ અને તેમની ટીમ નું શાબ્દિક તેમજ ફૂલો થી સ્વાગત કરી કાર્યકમની શરૂઆત કરાવેલ હતી.શ્રી નરેંદ્ર ભાઈ દ્વારા વિવિધ વ્યસનો દ્વારા થતાં રોગો વિષે અને વ્યસન મુક્તિ માટે કયા કયા પગલાં લેવા અંગે ની માહિતી આપી હતી. વિશેષમાં તમાકુ વ્યસની વ્યક્તિ તેમજ તેના કુટુંબ પર થતી સામાજીક અને આર્થિક અસરઅંગેની રસપ્રદ માહિતી પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવેલ. તદઉપરાંત સરકારશ્રી દ્વારા વ્યસન મુક્તિ અંગે થતાં વિવિધ કાર્યક્રમો વિષે માહિતગાર કરેલ હતા. કાર્યકમના અંતેસર્વે ભાગ લેનાર વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગ દ્વારા પ્રોત્સાહન રૂપે ફાઇલ, પેન અને નોટપેડ આપવામાં આવેલ તથા ચા-નાસ્તની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ડૉ. આર.જે.મકવાણા એ ડીસ્ટ્રીકટ ટોબેકો કન્ટ્રોલ સેલઆરોગ્ય વિભાગ,જિલ્લા પંચાયત, વડોદરાની ટીમ અને સર્વેનો સદર કાર્યકમની સુંદર વ્યવસ્થા માટે આભાર વ્યક્ત કરેલ હતો.








